**નાના કુટુંબના ધોરણને ઉત્તેજન આપવા માટે સરકારી કર્મચારી/અધિકારીઓને પ્રોત્સાહનની યોજના અંગે**

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : પગર-102003-1030-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 6-8-2003

*વંચાણે લીધો : નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પગર-102002-690-ચ, તા. 12-5-2003*

**ઠરાવ :**

તા. 4-1-'82 પછી વ્યંધિકરણ કરાવનાર સરકારી કર્મચારીઓને અંગત પગારના સ્વરૂપમાં એક ખાસ ઇજાફો નાણા વિભાગના તા. 8-4-'86ના ઠરાવક્રમાંક : પગર-1286-577-ચ ની શરતોને આધીન મળવાપાત્ર છે. આ યોજના વંચાણમાં દર્શાવેલ તા. 12-5-2003ના ઠરાવ અન્વયે તા. 1-5-2003ની અસરથી બંધ કરવામાં આવેલ છે.

આ બાબતે પુનઃ વિચારણાને અંતે એવું ઠરાવવામાં આવે છે કે, આ યોજના તા. 1-5-2003ની અસરથી બંધ કરેલ છે તેનો લાભ તા. 1-5-2003 કે ત્યાર પછી વ્યંધિકરણ કરાવનાર કર્મચારીઓને અંગત પગારના સ્વરૂપમાં એક ''ખાસ ઇજાફા''ની યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિ, પણ આ અગાઉ વ્યંધિકરણનું ઓપરેશન કરાવેલ કર્મચારીઓને મળતો ''ખાસ ઇજાફા''નો લાભ યથાવત્ ચાલુ રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઇલર
ઉપસચિવ (શિક્ષણવિભાગ)